# હક્કો રોટલો

'અણહક્કનું નહીં પચે, પુરુષાર્થ માટે ભગવાનો તમને બે હાથ આપ્યા છે. ખાવા માટે એક પેટ! પણ માનવનો સ્વભાવ હવે તો કૂતરા જેવો બની ગયો છે. બીજાનું ઝૂંટવી લેવાની જ વાત! માટે હક્કનો રોટલો ખાતાં શીખો. એક ઊંચા આસન પર બેસી એક બૌદ્ધ સાધુ પ્રવચન કરી રહ્યા હતા. છેલ્લા પાંચ દિવસથી પોતાના જ્ઞાનનો પ્રવાહ વહેવડાવતા આ સાધુને સાંભળવા રાજા–પ્રધાન–મહાજન અને નગરના આગેવાનો સહિત લોકોનાં ટોળેટોળાં ઊમટતાં.

એક સાંજે એમનું પ્રવચન પૂરું થતાં, રાજા પેલા સાધુને મળ્યા. 'આજના પ્રવચનમાં આપે હક્કના રોટલા વિશે કહ્યું એ શું ?'

ભવ્ય પ્રતિભાવાન એ સાધુ ઘડીભર રાજા સામું તાકી રહ્યો. પછી બે જ વાક્યોમાં જવાબ આપ્યોઃ 'રાજન, તમારે હક્કના રોટલા વિશે જાણવું હોય તો, ગામની ભાગોળે એક વૃદ્ધ ડોસી રહે છે ત્યાં જવું પડશે.'

રાજા મહેલમાં ન જતાં સીધો જ પેલી ડોસીની ઝૂંપડીએ ઊપડયો. વૃદ્ધ ડોસી ચરખો ચલાવી રહ્યાં હતાં. રાજાએ પોતાની ઓળખ પેલી ડોસીને આપી. માજીએ રાજાનો આદર કર્યો. બેસવા આસન આપ્યું. ઝૂંપડીમાં જઈ સ્વચ્છ પાણીનું પવાલું ભરી લાવી આપ્યું. પછી આવવાનું કારણ પૂછ્યું.

રાજા કહે, 'માજી, તમે હક્કનો રોટલો એટલે શું ? એ મને સમજાવશો ?'

માજી બોખા મોંએ હસ્યાં. પછી કહે, 'મેં ગઈ કાલે અડધો અણહક્કનો રોટલો ઘડયો હતો.

રાજા કહે, 'કેવી રીતે ?'

ડોસી કહે, 'હું સાંજના ફળિયામાં બેઠાં બેઠાં રેંટિયો કાંતતી હતી. અંધારું થવા આવ્યું. મને થયું કે હવે દીવો કરું. એટલામાં એક સરઘસ નીકળ્યું. સૌ કોઈના હાથમાં મશાલ હતી. એનો પ્રકાશ સારો એવો પડતો હતો. એટલે એના અજવાળે જ મેં એક પૂણી કાંતી નાંખી. કાંતી તો નાખી પણ પછી મને

ભારે પસ્તાવો થયો. એ કમાણીમાંથી જે રોટલો ઘડયો ને ખાધો. તેણે મારા રૂંવાડે સાંજ સુધી આગ લગાડી.'



રાજા તો માજીનું કહેવું સાંભળી આભો જ બની ગયો. ખરી પરસેવાની કમાણી કરતા લોકો પર વધુ વેરો નાખવા પોતે ઢંઢેરો પીટાવ્યો હતો. એના વિરોધમાં જ એ મશાલ સરઘસ નીકળ્યું હતું. રાજાને. પોતાની ભૂલ સમજાણી. એણે ડોશીમાના પગ પકડી લીધા. 'મારા નગરના તમે દેવી છો.'

માજીએ રાજાને આશ્વાસન આપતાં કહ્યુંઃ 'બેટા, અણહક્કનું ન ખાઈએ. માનવમાત્રને અણહક્કનું ખાવાની દાનત હોય છે, પરંતુ એ લોકો એ સમજતા નથી, કે એ લક્ષ્મી તો ગરીબોના લોહીથી રંગાયેલી છે. અનેક નિરાધાર અને વિધવા સ્ત્રીઓના રેંટિયાની કમાણી છે. એ ખાવાથી રૂંવાડે રૂંવાડે જીવડાં પડે. ન પચે મારા રાજા!'

રાજાએ પ્રજા પરનો વેરો દૂર કરવાની ખાતરી આપી. માજીને પગે લાગી તરત જ મહેલમાં ગયો.

**– અદ્દ્ભુત બોધકથાઓ માંથી**

■